### શબ્દ અને સંવેદન

બાર બાર વર્ષ સુધી સમર્થ જ્ઞાનીની નિશ્રામાં વિદ્યાભ્યાસ કરી બન્ને ભાઇઓ ઘેર આવ્યા. સ્વાધ્યાય અને ચિંતનનાં તેજ એમના મુખને અજવાળી રહ્યાં હતાં. એમના આગમનથી ઘર અને ગામમાં આનંદ આનંદ હતો, વાતાવરણમાં ઉમંગ અને ઉલ્લાસ હતો. માત્ર એમના પિતાજ શાંત અને સચિંત હતા. નમતી સાંજે સમય મળતાં એણે મોટાને પ્રશ્ન કર્યો: 'તું ભણ્યો તો ખૂબ પણ પરમાત્મ-તત્ત્વની તને કંઇ ઝાંખી થઈ? આત્માની અનુભૂતિ થઈ?" મોટાએ તો શાસ્ત્રો-માંથી એક પછી એક શ્લોકો સંભ-ળાવવા જ માંડ્યા. પિતાએ કહ્યું: "બસ, આ તો તેં પારકું કહ્યું. ગોખેલું બોલી ગયો. આમાં તારી અનુભૂતિ શું? જા હવે પેલા નાનાને મોકલ."

પિતાએ એને પણ એજ પ્રશ્ન પૂછ્યો. નાનાએ નમન કરી કહ્યું: "પિતાજી! શું કહું? જે અરૂપી છે તે રૂપી ભાષા વર્ગણાની જાળમાં કેમ બંધાય? જે શાંત છે તે અશાંત એવા શબ્દોમાં કે ઊતરે? એની અનુભૂતિ શબ્દોમાં નહિ સંવેદનમાં જ સંભવે."

પિતાના મુખ પર મૌનમાંથી જડેલી મુક્તિની મધુરતા પ્રસરી.



# દિવ્યદીપ

વર્ષ ૪ થું

We want a religion which brings love and joy to our heart and light and wisdom to our head.

અમારે ધર્મ જોઇએ છે જે હૃદયને પ્રેમ અને આનંદથી ભરે, બુદ્ધિને પ્રકાશ અને પ્રજ્ઞાથી.

'ચિત્રભાનુ'

અંક ૭ મો

# ૧૯મી વિશ્વ શાકાહાર પરિષદ પ્રસંગે



૧૯મી વિશ્વ શાકાહાર પરિષદ મુંબઈમાં રવિવાર તા. ૨–૧૨–૬૭ ચોપાટીના સાગરતટે ભરાઈ ત્યારે વ્યાસપીઠ ઉપરથી માર્ગદર્શન આપતા પૂ. ગુરુદેવની સાથે મહારાષ્ટ્રની ધારાસભાના અધ્યક્ષ શ્રી ટી. એસ. ભારદે, શ્રી વુડલેન્ડ કેહલર, અન્ય પ્રતિનિધિઓ અને અગ્રગણ્ય નાગરિકો દેખાય છે.



પાંચમી ડીસેમ્બરે સાંજે કોટ ઉપાશ્રયમાં વિશ્વ શાકાહાર પરિષદના પ્રતિનિધિઓ પૂ. ગુરુદેવ પાસે રસપ્રદ આધ્યાત્મિક પ્રશ્નો જેવા કે સાધના, ધ્યાન, યોગ, Sixth sense વગેરેનું નિરાકરણ કરવા આવેલા તે પ્રસંગનું દૃશ્ય.



પ્રશ્નોનું સમાધાન મેળવીને આનંદપૂર્વક પૂ. ગુરુદેવના આશીર્વાદ લઈને વિદાય લેતા પ્રવાસીઓ.

# સમ્યગ્દર્શન

[પૂ. મુનિશ્રી ચિત્રભાનુજીએ તા. ૨-૪-૬૭ ના રોજ કોટ શ્રી શાંતિનાથ મંદિરના ઉપાશ્રયમાં આપેલા પ્રવચનની નોંધ]

(ગતાંકથી ચાલુ)

નારી નરકની ખાણ એમ કોઈ બોલી દે એ ઉપરથી એમનામાં વૈરાગ્ય છે એ ભ્રમમાં કદી પડશો નહિ. એ નરકની ખાણ નથી, પોતાની વૃત્તિઓ જ નરકની ખાણ છે. પોતાનામાં જ અધમ વૃત્તિઓ પડેલી હોય તો સામી વ્યકિત શું કરે? જેઓ એમ માને કે સ્ત્રીઓને વધારેમાં વધારે ભાંડીએ, ઉતારી પાડીએ, નિંદા કરીએ તો આપણે નિર્વિકારી; તો તે ભૂલ છે. એક રીતે જુઓ તો પોતાની વૃત્તિઓનું પ્રદર્શન છે. સાચી સમજણમાં સ્ત્રી કે પુરુષ ખરાબ નથી પણ એના પ્રત્યે જે કામવૃત્તિ જાગવી એ ખરાબ છે; અને કામવૃત્તિ જે દેહમાં જાગે છે એ દેહ નરક છે. જો કામવૃત્તિ ન હોય તો આ દેહ એક મંદિર છે. જે દેહમાં કામવૃત્તિ જાગી એ દેહમાં નરક આવ્યું. ત્યાં સામી વ્યકિત નરક ક્યાંથી થઈ?

બે વૃદ્ધ મિત્રો વાત કરતા હતા, 'અઢી નંબરના ચશ્મા લીધા હોય તો સારી રીતે વાંચી શકાય.' ત્યાં એક ગામડિયો બેઠો હતો એને કાને આ વાત પડી. એ ઊઠ્યો અને સીધો ગયો ચશ્માવાળાને ત્યાં. "એય! અઢી નંબરના ચશ્મા લાવ." એ ચશ્મા ચઢાવી આગળથી જુએ, પાછળથી જુએ પણ વાંચી શકે નહિ. ચશ્માવાળાએ કહ્યું કે તમારો નંબર બરાબર નહિ હોય, એટલે ત્રણ નંબરના આપ્યા. એનાથી પણ ન વંચાયું. કલાકની મહેનતને અંતે દુકાનદારને જરા શંકા આવી એટલે પૂછ્યું: "ભાઈ, તમે આ બધું કરો છો પણ તમને વાંચતાં તો બરાબર આવડે છે ને?" ગામડિયાએ કહ્યું: "મને જો વાંચતાં આવડતું હોત તો હું ચશ્મા લેવા શું કરવા આવત?"

ચશ્માથી વાંચતાં નથી આવડતું પણ વાંચતાં આવડતું હોય તો વાંચનમાં એ મદદ કરે છે, એ વાંચતાં શીખવાડતા નથી.

જેમ પેલા ગમાર માણસે ચશ્મા ઊથલાવી ઊથલાવીને પેલાને હેરાન કરી મૂક્યો, એમ આ જીવ પોતાનું અજ્ઞાન તપાસ્યા વિના સંસારમાં ગાળો દેતો ચાલ્યો જાય છે: આ ખરાબ, તે ખરાબ. પણ વસ્તુ ખરાબ છે કે વૃત્તિ ખરાબ છે એનું સંશોધન એણે કદી કર્યું નથી.

જ્યાં સુધી વૃત્તિ સામે તમારી દૃષ્ટિ ન જાય, વૃત્તિનું વિશ્લેષણ ન કરો ત્યાં સુધી જગતના પદાર્થોમાં સમભાવ અને તટસ્થતા આવવાં બહુ દુષ્કર છે.

મેં એવા ઘણા માણસોને જોયા છે. એ ધર્મમાં જોડાય, મંદિરમાં જાય ત્યારે ઘેલા ઘેલા થઈ જાય અને બહાર જાય એટલે જાણે ધર્મ સાથે કાંઈ લાગેવળગે જ નહિ.

જ્ઞાન અંદરનું હોય તો એક સરખો સમભાવ ટકી શકે. તમે જે કરો તેમાં સંવાદ લાવો. તમને ખ્યાલ રહે કે પ્રત્યેક પ્રવૃત્તિમાં મારો આત્મા છે, જે સમાધાન ચાહે છે. એવું તો ન જ બને કે તમે આખો ય દિવસ ઉપાશ્રયમાં કે દહેરાસરમાં રહો. દિવસના ૨૨ કલાક તમારે દુનિયામાં કાઢવાના છે. તમે દુનિયામાં ઉપયોગવંત - જાગ્રત ન રહો અને અહીં માત્ર બે કલાક માટે જ ઉપયોગવંત રહો તો ૨૨ કલાકનું શું? એથી તો બે કલાકનું પણ ધોવાઈ જાય. જમા કરતાં ઉધાર વધી જાય. ઉપયોગની સાવધાની તમને મળી જાય, તો દરેક પ્રસંગે તમે વૃત્તિઓનું સંશોધન, અવલોકન, નિરીક્ષણ કરી શકો.

નાનક એકતામાં બહુ માનતા. નાનકને લખનૌના નવાબ અવારનવાર જ્ઞાનગોષ્ઠિ કરવા મળતા. નવાબને કાજીએ કહ્યું: "નાનક મોટી

વાતો કરે છે પણ નમાજ પઢવા કદી મસ્જિદમાં આવે છે?" એટલે નવાબે નાનકને પૂછ્યું: "તમે મારે ત્યાં આવીને નમાજ પઢશો?" નાનકે કહ્યું: "હું આવીશ, જરૂર આવીશ. એમાં મને શો વાંધો છે?" નાનક તો ગયા. નમાજ પઢવાની શરૂઆત થઈ. નાનક તો એકધ્યાન એકતાન હતા. પેલા બન્નેએ નમાજ તો શરૂ કરી. ત્યાં નવાબને થયું: "નમાજ જલદી પૂરી થવી જોઇએ. આજે અરબસ્તાનથી ઘોડાવાળો આવવાનો છે. સારામાં સારા ઘોડા લેવાના છે. મેં વળી નાનકને આજે ક્યાં બોલાવ્યો!" કાજી ગર્વમાં ચકચૂર હતો. હું કેવો કે આ નાનકને ઝુકાવીને લઈ આવ્યો. એને મસ્જિદમાં માથું ઘસતો કરી નાખ્યો! મેં એને વટલાવી નાખ્યો!

સ્વાર્થની ધૂનમાં જ નમાજ પૂરી થઇ. કાજીએ કહ્યું: "અરે! તમે તો ઊભા જ છો. અમારી જેમ વળી વળીને નમાજ તો પઢ્યા જ નહિ." નાનકે કહ્યું, "નમાજ તો ખરી રીતે હું પઢ્યો છું, તમે નમાજમાં હતા જ ક્યાં? એક જણ ઘોડા ખરીદવા ગયો હતો અને બીજો નાનકને વટલાવી નાખ્યો તેની મગરૂરીના ગર્વમાં ચકચૂર હતો." બન્નેને આશ્ચર્ય થયું. અંતરની વાત એ કેમ જાણી ગયા!

વટલાવવાથી કંઈ કલ્યાણ થતાં નથી. પોતાને સુધારવાને બદલે બીજાને સુધારવાનો જાણે ઈજારો લીધો!

આપણે કોઇને સુધારવાનો ઇજારો લીધો નથી. પહેલાં તો આપણે પોતે જ સુધરીને સ્વનો વિકાસ કરીએ.

પૂર્ણ વિકસિત અને શુદ્ધ આત્માના સંપર્ક માત્રથી જે સુધારો અને નિર્મળતા આવી શકે તે અણુવિકસેલ અને અશુદ્ધ માણસનાં ભાષણોથી પણ નહિ આવે.

મારા અભ્યાસકાળમાં મારા ગુરુ કહેતા કે તું પ્રવચન આપે ત્યારે એવો ખ્યાલ પણ ન આવવો જોઇએ કે હું લોકોનો ઉદ્ધાર કરું છું. તું એમ વિચારજે કે હું સ્વાધ્યાય કરવા બેઠો છું, અને એ સ્વાધ્યાયમાં આ બધા મારા સાક્ષી છે. સ્વાધ્યાયમાં ક્યાંય પ્રમાદ થાય તો શ્રોતાઓ સુધારે કે તમે આ વિષય ઉપર બોલતા હતા અને ક્યાં ઊપડી ગયા? આમ તમારા સ્વાધ્યાયનો ઉપયોગ અખંડ રહે. શ્રોતાજનો તો તમારા પરીક્ષકો છે. તમે એકલા ચોપડી વાંચતા હો અને તમારે થોડીકવાર આરામ કરવો હોય તો કરાય, ચોપડી મૂકી પણ દેવાય, પણ એક કલાક પ્રવચન ચાલતું હોય એમાં એ ન ચાલે. સ્વાધ્યાય ચાલતો હોય અને એમાંનો કોઈ વિચાર કો'કને ગમી જાય, જચી જાય, અંતરમાં ઊતરી જાય, ક્યાંક લાગુ પડી જાય અને શુદ્ધિ આવી જાય તો તે સહજ છે. પણ ઉદ્ધાર કર્યાનો અહંકાર ન આવવો જોઇએ.

નદી વહે છે, વહેવાનો એનો સ્વભાવ છે. એને એવો હેતુ નથી કે લાવ, ગામનાં લોકોનાં કપડાં ધોતી જાઉં, લોકોને પાણી પાતી જાઉં. એને તો વહેવું છે; સાગરમાં મળી જવું છે; વચ્ચે આવતા ગામડાંઓના લોકોને પ્રવાહનો લાભ મળતો હોય તો એ એમનું સદ્ભાગ્ય છે.

એવી રીતે સાધુ સાધનાના પ્રવાસમાં પ્રયાણ કરી રહ્યો હોય છે. એમાં લોકો આવીને લાભ લેતાં હોય તો બહુ સારી વાત છે. આમાં સાધુને ગર્વ નહિ આવે. ઘણાને તો અમુક દેશના ઉદ્ધારક હોવાનો ગર્વ આવી ગયો છે. પોતાના નામની આગળ વિશેષણ તરીકે એનો ઉપયોગ કરે! અમુક દેશોદ્ધારક! પણ પહેલાં તું તારો ઉદ્ધાર તો કર! કોઈ કોઇનો ઉદ્ધાર કરી શકતું નથી. આ એક અજ્ઞાન છે અને આ અજ્ઞાન જ માણસને ભુલામણીમાં નાખે છે.

જે ઘડીએ આ દૃષ્ટિ આવી, કે મેં આનો ઉદ્ધાર કર્યો, એને તાર્યો, એ જ ઘડીએ પતન. આ ગર્વે ઉપર લઈ જવાને બદલે નીચે નાખી દીધો. માણસે સહજ દશામાં રહેવાનું છે.

જેમ દીવો બળતો હોય એના પ્રકાશમાં કોઈ પણ વાંચી શકે, તેમ જ્ઞાનદશામાં કે સ્વાધ્યાયમાં પણ સહભાગી બને.

અહંકાર આવતાં અસ્મિતાનું કેન્દ્ર સ્થૂળ બની જાય છે, ત્યાં સૂક્ષ્મતા સંભવે જ કેમ?

આંતરધ્વનિ સૂક્ષ્મ છે. આ ધ્વનિનો સ્પર્શ એ જ પ્રાર્થના છે. સમાધિ કહો કે ધ્યાન કહો, આ બધાં તો નામ છે. મૂળ વસ્તુ શું છે એ આપણે જોવાનું છે.

લોકો લઢી ક્યાં રહ્યા છે? નામના નામે લઢી રહ્યાં છે. આત્મ-રામના કામના નામે ઝૂરતા હોત તો તો કલ્યાણ થઈ ગયું હોત. પણ રામનું કામ શું છે એ ખબર નથી અને નામ યુદ્ધનું ધામ બન્યું છે.

આ વિશ્વમાં એક ઊર્ધ્વગામી પરમતત્ત્વ છે. એ પરમતત્ત્વ સાથે એકતા સાધવી એનું નામ પ્રાર્થના, એનું નામ ધ્યાન, એનું નામ સામાયિક, એનું નામ શુદ્ધિ અને એનું નામ સમાધિ.

ભગવાન આગળ સ્તવનમાં શું કહીએ છીએ? "હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમનો દરિયો." આ અંતરનો ખ્યાલ આપે છે? હું ક્રોધથી ભરેલો છું, તું ઉપશમથી સભર છે, તો હવે તારા અને મારા વચ્ચે મેળ કેમ જામે?

આ વસ્તુનો વિચાર કરવા માટે આપણે તીર્થે, મંદિરે જઈએ છીએ. આ એકતા ન આવે; પરમાત્મતત્ત્વની સાથે મળવાનું ન થાય; તો આપણે જે લેવું જોઈએ, જે મેળવવું જોઈએ, તેજ રહી જાય.

કોઈકવાર તો પરમતત્ત્વને મળો! મળવાની એ ઘડી કેવી પરમશાંતિની હોય! એનું મિલન વર્ષમાં એક વાર પ્રાપ્ત થાય તો પણ ભલે. એ ભલે એક કલાક માટે હોય પણ એ એક કલાક જીવનના હજારો કલાકને ટપી જાય એવો કલાક છે. જિંદગી વર્ષોથી નથી મપાતી, આવા કલાકોથી મપાય છે. જિંદગી જો વર્ષોથી મપાતી હોત તો તો વૃક્ષો અને જનાવરો હજારો વર્ષ આમના આમ જીવતાં હોય છે.

જીવવું શું છે? અનુભવવું છે, સંવેદન કરવાનું છે. અને સંવેદન કોની સાથે? પરમ-તત્ત્વની સાથે એકતાનું સંવેદન કરવાનું છે. જેટલી એકતા માણસ કરી શકે એટલો એ સાચા અર્થમાં જીવે છે.

રાવણ બીજી બધી બાબતમાં પૂરો હતો પણ એક વાર થોડા સમય માટે એ એકતાર બની ગયો, એકરૂપ બની ગયો, સ્વમાં ઓગળી ગયો. સારંગીનો તાર તૂટે તો એની એકતા તૂટે. એની ખાતર એ નસ તોડીને પણ એકતા ટકાવવા માગે છે. એણે શું કરી નાખ્યું? ગજબ કરી નાખ્યો. તીર્થંકર ગોત્ર બાંધી નાખ્યું. કેટલી વારમાં તીર્થંકર ગોત્ર બાંધ્યું? વર્ષો નહિ, કલાકોમાં.

આ તો સોદો છે. લાગી જાય તો થોડીક-વારમાં. આખો જન્મારો સુધરી જાય. કેટલાક હંમેશ બજારમાં જાય અને કાંઈ ન મેળવે. અને કેટલાક બજારમાં જાય, બેસે, એકાદો સોદો એવો કરે કે પછી બાર મહિના એમને ઊંચું પણ જોવું ન પડે.

ધર્મ પણ એમ જ છે. કોઈ એમ કહે કે હું રોજ ઉપાશ્રયમાં બેસું છું, સૂઈ રહું છું. એ ઉપરથી એમ માનવા જેવું નથી કે આ બહુ કમાણીવાળો લાગે છે. હા, એ બેઠો બેઠો બીજું પણ કરતો હોય. કોણ શું કરે છે એની ગણતરી જ કરતો હોય. એમ તો પૂજારી પણ ભગવાન પાસે જ રહે છે. શું એ તરી જાય?

તરવાની રીત કાંઈ જુદી જ છે. આધ્યાત્મિક કમાણી સહેલી નથી. લય લાગવો એ બહુ મુશ્કેલ છે. શિખર ઉપર ગયેલા તળેટીએ આવી પછડાયાના હજારો દાખલાઓ છે. શિખર ઉપર ગયેલાઓને પણ કોઇકવાર પાછું નીચે તળેટીમાં જવાનું મન થઈ જાય છે.

ધર્મમાં પણ એવું જ છે માણસ ધર્મ કરતો હોય, એ બધાંને છોડી બેઠો હોય. ક્રોધને છોડ્યો, માનને છોડયું, માયાને છોડી, લોભને છોડ્યો પણ કોઇક વાર એને પાછી એવી વૃત્તિ જાગે અને એ બીજાજ પ્રકારના લોભમાં ઊતરી જાય. ધનનો લોભ ન હોય પણ બીજો જ કોઈ લોભ જાગી જાય. આ બધું છોડીને એ શિખર ઉપર ગયો હતો પણ બીજા લોભે પાછો એને ત્યાંથી તળેટીએ આણ્યો.

નાનકે પેલા કાજીને એ જ કહ્યું : "પ્રાર્થના નમાજ તો મેં કરી. તું તો મને ઝુકાવવાની ધૂનમાં હતો. તમે બન્નેએ નમાજ પઢી છે જ ક્યાં ? તમે તો ખાલી ઊંચાનીચા થતા હતા. વૃત્તિ તો સ્વચ્છંદ થઇ ભટકતી હતી."

નવાબે અને ઇમામે પૂછ્યું : "અમારા મનની અંદર રહેલી વાત તમે કેમ જાણી ?"

દિલ અને દિલ વચ્ચે સંદેશા ચાલ્યા જ કરે છે. મનના પડઘા છાના નથી રહેતા. માણસ ન બોલે તો પણ ઘણીવાર જણાઈ આવે છે.

એક ડોશી પોતાની દીકરીને લઇને જાય છે. રસ્તામાં ઊંટવાળાને જોઇને કહે છે કે મારી દીકરીને તું ઊંટ ઉપર બેસાડ, એ થાકી ગઇ છે. પેલાએ કહ્યું કે આ ઊંટ હવા ખાવા અને ફરવા માટે છે, ભાડાં માટે નહિ. આગળ જતાં ઊંટ-વાળાનો વિચાર બદલાયો. યુવાન છોકરી હતી, દાગીના પહેરેલા હતા. આવી તક મેં જતી કરી! એ ઊભો રહ્યો. ડોશી આવી એટલે ઊંટવાળાએ કહ્યું, કે તારી છોકરીને બેસાડી દે, એટલો મને સેવાનો લહાવો મળે. ડોશીએ કહ્યું : "એ સમય તો ગયો." "કેમ ?" "તને જે કહી ગયો એ જ મને કહી ગયો." "શું કહ્યું ?" "તને જે વિચાર આવ્યો એ વિચાર મને પણ આવી ગયો."

આવું reflection સામાન્ય ભૂમિકા પર રહેલા માણસોને પણ થાય. તમે વ્યાપાર કરતા હો અને કોઈક વાર મુશ્કેલીમાં આવો તે પહેલાં જ તમને intuition નથી આવતું ? બહારગામ કોઈ બીમાર હોય અને તમને એના પત્રથી જાણ થાય એ પહેલાં કાગળ લખવાનું મન થઈ જાય છે ને ? કોઈક માણસ આવતો હોય ને તમને સાંભરે કે ફલાણા ભાઈ કેમ આવ્યા નથી ? અને એ જ સમયે એ બારણે ટકોરા મારે. તમે કહો કે તમે સો વર્ષના થવાના. હમણાં જ તમને યાદ કર્યા.

વાત એ છે કે વિચારોની કેટલી જબરજસ્ત શક્તિ છે એનો લોકોને ખ્યાલ નથી. મહા-પુરુષોને એનો ખ્યાલ છે, એટલે એકેએક વિચારને એ સારો રાખે છે. દરેક વિચારને એ ધોઇને સ્વચ્છ રાખે છે.

અમુક દેશના સમાચાર લોકોના રેડિયો ઉપર ન આવવા દેવા હોય તો રેડિયો સેન્ટરવાળા centreમાંથી એ તાર જરા ફેરવી નાખે પછી એ સેન્ટર ઉપર તમે ગમે એટલીવાર સ્વિચ ફેરવો પણ ત્યાંના News તમારા સ્ટેશન ઉપર નહિ આવે.

એવી જ રીતે આપણું આ ચૈતન્ય એક એવું center છે જેમાં વિશ્વના બધા જ પ્રવાહો તમે પકડી શકો. પણ અંદરનો તાર ખસી ગયો તો સામાનો પ્રવાહ નહિ ઝિલાય.

એટલે જેટલા વિચારો સારા બનતા જાય, શુદ્ધ બનતા જાય, ઉચ્ચ બનતા જાય, એનો ફાયદો કોને છે ? તમને

છે. પછી તમે બધા વિચારો wavesની જેમ receive કરી શકો. આ શક્તિ બધામાં પડી છે. ખાસ કરીને એ તમને માતાઓમાં દેખાશે. માતૃહૃદય એટલું તૈયાર હોય છે કે, પોતાનાં સંતાનનાં અશુભમાં અને શુભમાં એ તારો ઝણઝણી ઊઠે છે.

એક wire હોય, એ ખાલી પડેલો હોય ત્યારે એમાં કોઈ જ ઉષ્મા ન હોય. પણ એ જ wireને લઈ તમે plugની સાથે જોડી દો છો પછી એ electrified થઈ જાય છે. એમાં હવે વિદ્યુતપ્રવાહ વહે છે, electricity છે. આ શું થયું ? એનું જોડાણ મૂળ સાથે થયું. એની બધી શકિત પેલા wireમાં આવી ગઈ. પછી એને જે જે bulb અડે તે પ્રકાશથી ઝળહળી ઊઠે.

એવી જ રીતે આ ચૈતન્ય મહાચૈતન્યની શક્તિનાં plugમાં ગોઠવાઈ જાય છે અને એની બધી શકિતઓ આ નાનકડા વાયરમાં, ચૈતન્યમાં અવતરણ પામે છે. આપણે એકાગ્રતા દ્વારા, ધ્યાન દ્વારા, પ્રાર્થના દ્વારા આ શકિતનો પોતાનામાં સંચાર કરાવવો એ જ આપણી બધીય ક્રિયાઓની પાછળ રહેલો એક મુખ્ય ઉદ્દેશ અને આશય છે.

પણ એ પહેલાં આપણને ખ્યાલ આવવો જોઈએ કે હું એક જ્યોતિ છું, પ્રકાશ છું અને આ દેહ એ તો માત્ર એક કોડિયું છે. આ કોડિયામાં જે જ્યોત છે એની જ કિંમત છે. કોડિયું ફૂટે તો ફૂટવા દો પણ જ્યોતને જાળવી રાખવાની છે.

સમ્યગ્દર્શનની પ્રથમ ભૂમિકા દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખવી એ છે. આત્મામાં શ્રદ્ધા શરૂ કરવી એ સૂક્ષ્મ ભૂમિકાની વાત છે.

આ ભૂમિકાનો પ્રધાન વિચાર – હું આત્મા છું, અમર છું. મરી જાય છે તે દેહ છે. જ્યાં સુધી હું આ દેહ અને વૃત્તિઓના સંગે છું, ત્યાં સુધી હું મરણધર્મી બની પરિભ્રમણ કરું છું.

આ મરણધર્મી ન બનવા માટે દેવ, ગુરુ અને ધર્મનો ટેકો છે. એના સહારાથી હું શુદ્ધ બનું છું. દેવ, ગુરુ અને ધર્મ મારા સાધન છે, સહાયક છે, ઉપકારી છે અને ઠેઠ મોક્ષ સુધી પહોંચાડવામાં પૂર્ણ મદદગાર છે. મદદગાર છે પણ મદદ લેનારો હું પોતે છું. મદદ લેનારમાં જોર નહિ હોય તો મદદગાર તમને શું કરે ભાઈ ?

પગથિયું છે પણ ચઢનારો જ જો તૈયાર ન હોય તો પગથિયું કોઇને ઉપર ધકેલતું નથી. આ ચઢનારને ઘણા ભૂલી ગયા અને પગથિયાં એમને યાદ રહી ગયાં. આ ગોટાળો નથી ? આજે મોટા ભાગના માણસો પગથિયાંને જ યાદ કરે છે, ચઢનાર પ્રતિ લક્ષ્ય જ નહિ.

મારે કહેવાનું એ જ છે કે સમ્યગ્ દર્શનનો પ્રારંભ એટલે 'ચઢનાર કોણ'ની સમજ; ચૈતન્યનું લક્ષ્ય. આ લક્ષ્યને સતત લક્ષમાં રાખી દેવ, ગુરુ અને ધર્મની આરાધના કરો અને સ્વ સ્વરૂપનો પૂર્ણ અનુભવ કરો.

(સંપૂર્ણ)

## કોયનામાં શરૂ કરેલી અન્નશાળા

બિહાર, ધરમપુર અને ઓડેલીમાં માનવ-રાહતનું સેવાભાવી કાર્ય કર્યા બાદ કોયનામાં ધરતીકંપને લીધે ઊભી થયેલી દયાજનક પરિસ્થિતિનો સામનો કરવા રવિવાર તા. ૧૮–૧૨–૬૭ની જાહેર સભામાં પૂ. ગુરુદેવની નિશ્રામાં દિવ્ય જ્ઞાન સંઘ તરફથી રૂા. દસ હજાર આપવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ સેવાનું કામ દિવ્યજ્ઞાનના કાર્યકરો શ્રી કે. કે. મોદી, શ્રી ભાસ્કર, અનિલ વગેરે કરશે.

# "નારી નહિ નારાયણ"

[કોટ હિંદુ સ્ત્રી મંડળમાં પૂ. ગુરુદેવનું તા. ૮–૧૧–૬૭ના બુધવારે બપોરે ચાર વાગે બહેનો માટે એક વિશિષ્ટ પ્રવચન ગોઠવવામાં આવેલું. એ પ્રેરણાદાયી પ્રવચનની આ ટૂંકી નોંધ છે].

ચપ્પુથી ઘા કરવાથી ઝાડ ઉપર માત્ર છેકો થાય પણ કુહાડો મારવાથી ઝાડના મૂળમાં મોટો ઘા થાય છે. મારનાર વ્યકિત એની એ છે પણ સાધન જુદાં છે.

એવી રીતે કોઇને સ્ત્રીનો દેહ મળ્યો, કોઇને પુરુષનો; કોઈ વૃદ્ધ છે, કોઈ યુવાન છે; આ બધાં સાધન છે પણ એ બધામાં વિકસી રહેલો આત્મા એક જ છે. જેમ bulbsના colour અને capacity જુદાં હોય પણ એ bulbમાં થઇને આવતી electricity જુદી નથી એમ આપણા બધામાં એક જ ચૈતન્ય બેઠું છે, એનું તમને ભાન થઈ જાય, એને માટે તમે aware થઈ જાઓ પછી તમારી શકિત અનંતગુણી બની જાય છે.

પછી તમે વિચાર કરો કે મારો bulb હું મોટો કેમ ન કરું? શકિતના તો ફુવારા આવી જ રહ્યા છે. જેમ નાના bulbમાંથી મોટો bulb મૂકવા માટે તમારે power houseની પરવાનગી permission લેવી પડતી નથી તેમ જીવનમાં જે બનવા માગો છો તે માટે ભગવાનની permission લેવાની જરૂર નથી. ભગવાન તો કહે છે કે તું ભગવંત સ્વરૂપ છો, મારા જેવો છે, તું તારો bulb મોટો કર.

તમે જે થવા ધારો અને જેટલા બળથી તમારા બળને પ્રકાશિત કરવા માગો એટલા પ્રકાશિત થઈ શકો.

લોકો કહે છે કે સ્ત્રીઓને પુરુષોએ પાછળ રાખી છે પણ હું એમાં સંમત થતો નથી. સ્ત્રીઓને પાછળ નાખનાર સ્ત્રીઓ પોતે જ છે. પુરુષો તો એમના ધંધામાંથી, રળવામાંથી અને એની પંચાતમાંથી ઊંચા જ આવતા નથી. તમારા બાલ્યકાળથી, તમારા શૈશવમાં માતાઓ તરફથી એવા સંસ્કારો પાડવામાં આવ્યા છે કે "તું છોકરી છે, તારાથી આ ન થાય. તું કંઈ છોકરો નથી કે સ્વતંત્ર થઈ ધાર્યું કરી શકે. તારે મર્યાદામાં રહેવાનું." કોઈ કહે તો ઠીક પણ તમે એ રીતે માનતા થઇ ગયા એ બહુ બૂરી વાત છે.

સ્ત્રી એ એક મહાન શકિત છે. પણ જે સર્જનાત્મક રીતે વપરાવવી જોઇએ એ વિસર્જનાત્મક રીતે વપરાય છે. સ્ત્રીઓના અને પુરુષોના પ્રશ્નો જુદા નથી, એક જ છે. એટલું જ કે એકને બજારમાં રળવું છે અને બીજાને બજારમાંથી રળેલી વસ્તુની વ્યવસ્થા કરવાની છે.

જીવન એક મહાસાગર છે અને પ્રત્યેક આત્માઓ એનાં બિંદુઓ છે. કોઈ એક બિંદુ બીજા બિંદુથી જુદું નથી. બધામાં એક જ શકિત છે. એની પિછાન બહુ મહેનતથી આવે છે. જેને આ જ્ઞાન થયું એને ધર્મ મળી ગયો. ધર્મ એ માત્ર ભગવતીસૂત્ર કે ભાગવત વાંચવાથી નથી આવતો, આચરણથી આવે.

પ્રત્યેક ક્રિયામાં તમે સભાન હો; ગર્વ નહિ, અહંકાર નહિ, હું કાંઈ છું એવી ખોટી vanity નહિ પણ હું એક ચૈતન્ય છું એનું નમ્ર ભાન.

આજે તમારામાં superiority complex અને inferiority complex ઊભાં થયાં છે. જરાક મોટા માણસને જુઓ એટલે ઢીલા ઢીલા થઇ જાઓ, ભીના ઉંદર જેવા, nervous breakdown થઇ જાય; અને જરાક નાનાને જુઓ એટલે ડોક ઊંચી કરો કે મારામાં કાંઇક છે. પછી ગરીબ સાથેના વર્તનમાં તોછડાઇ આવે, તુંકારો આવે. કોઈ ઠેકાણે ઢીલા થઇ જવાનું અને કોઇ ઠેકાણે મોટા થવાનું. આ તો એક

ભાર છે. આ બધી રીતો બતાવી આપે છે કે જીવનનું જ્ઞાન નથી.

પોતાને પિછાન્યા વિના, પોતાને જાણ્યા વિના, પોતાની સ્વસ્થતા અને સ્વરૂપને પ્રાપ્ત કર્યા વિના બધું કરીએ તો એ બધું પર છે. આપણને બધા પર છે તેનો સ્વભાવ ખબર છે; અગ્નિનો, પાણીનો, મરચાંનો. પણ એક આપણો સ્વભાવ આપણને ખબર નથી. હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? મારામાં શી શક્તિ પડી છે?

જ્યાં સુધી સ્વરૂપનું વિસ્મરણ છે ત્યાં સુધી લોકો દોરી જાય છે. પણ સ્વરૂપનું સ્મરણ થઈ ગયું પછી દુનિયાની કોઇજ તાકાત તમને દોરી શકતી નથી. કહે છે: 'ગાય અને દીકરી દોરે ત્યાં જાય.' પણ જે ઘડીએ બહેનોને સ્વરૂપનું પૂરું ભાન થશે પછી એને કોઈ દોરી નહિ શકે. એ ગાય નથી, ઢોર નથી, પણ આત્મા છે.

સ્વરૂપની જાગૃતિ સાથે તમારું વાતાવરણ બદલાઈ જાય છે. પછી તમે સમાન ભૂમિકા પર આવો છો. ગરીબને જોઈ તિરસ્કાર નહિ અને શ્રીમંત કે સત્તાધીશને જોઈ નિર્બળ નહિ. ગરીબને જુઓ તો વિચારો કે એ સાધનથી ઓછો છે પણ એનો આત્મા તો મારા જેવો છે અને શ્રીમંતને મળો ત્યારે વિચારો કે એ સાધનથી સમૃદ્ધ છે પણ એનો આત્મા પણ મારા જેવો છે.

આત્માની સમાનતાનું દર્શન થાય, એની અનુભૂતિ થાય, પછી તમારા પ્રાણોમાં બે વસ્તુનો પ્રાદુર્ભાવ થાય. એક પ્રેમ અને બીજો પ્રકાશ.

આ પ્રેમનું તત્ત્વ માતાઓમાં પડ્યું છે. ખાવું પણ ખવડાવીને ખાવું. પુરુષાર્થનું તત્ત્વ પુરુષોમાં પડ્યું છે. પુરુષનું કર્તવ્ય પુરુષાર્થથી ઉપાર્જન કરવાનું અને સ્ત્રીનું કર્તવ્ય પ્રેમથી ભાગ પાડવાનું. પાત્ર અપાત્રનો વિચાર કરી વ્યવસ્થા કરે પછી કરકસર થઈ જાય છે, કરવી નથી પડતી. એ inborn gift છે.

બહારથી લાવવાનું નથી, તમારામાં છે એ ઉઘાડવાનું છે. શક્તિ ભાડેથી લવાતી નથી અને લાવેલી શક્તિઓ ચિરંજીવ નથી. તમારામાં પડેલી શક્તિઓને develop કરવાની છે, પ્રગટ કરવાની છે.

જૈનોના તીર્થંકરોમાં મલ્લીનાથ નામના સ્ત્રી તીર્થંકર છે. સ્ત્રીની શક્તિનું આ એક મહાન સન્માન છે.

મનુએ લખ્યું કે "ना स्त्री स्वातंत्र्यं अर्हति"

એ વાત અર્ધી સત્ય છે. જે સ્ત્રી પ્રબુદ્ધ નથી, જ્ઞાનનો પ્રકાશ જેમનામાં નથી એને સ્વતંત્રતા આપો તો એનો સ્વચ્છંદપૂર્વક દુરુપયોગ જ કરે ને?

હું કહું છું કે "હું સ્ત્રી છું એમ વિચાર નહિ કરો, પણ હું આત્મા છું એમ વિચાર કરો.' સ્ત્રીનો વિચાર કરો ત્યારે કહો કે આ તો એક સ્ત્રીનો દેહ છે, bulb છે.

તમે તમારો વિચાર કરો ત્યારે સ્ત્રીરૂપે વિચાર કરો તેના કરતાં આત્મારૂપે વિચાર કરો. પછી તમારા પ્રાણોમાં પ્રેમ અને પ્રકાશનો સંચાર થશે.

પ્રેમ વડે જે લોકો જરૂરિયાતવાળાં હોય એના તરફ હાથ લંબાય. દાન દો એમ કહેવું નથી પડતું, દાન થઇ જાય છે.

પ્રેમનું તત્વ દુનિયાનાં દુઃખોને સહજે ઉપાડી લે છે, વસ્તુનું તમને વજન લાગે ત્યારે જાણજો કે એમાં પ્રેમ નથી. પછી એ વૈતરું લાગે.

જેમાં પ્રેમ છે એમાં શ્રમ નથી, ભાર નથી, થાક નથી; સહજતાથી થાય છે. આત્માની જાગૃતિ આવતાં તમારામાં નિર્મળ પ્રેમનું તત્ત્વ અભ્યુદય પામે છે.

આજે જેને પ્રેમ કહે છે એ વિકૃતિ છે. પ્રેમનું તત્ત્વ વિકૃતિઓથી પર હોય છે. એ પ્રકાશ આપે પણ કોઈ એની સાથે તોફાન કરવા જાય તો એને એ બાળી નાખે. પ્રેમ સંસાર ચલાવી જાણે છે અને જલાવી પણ જાણે છે.

આ પ્રેમમાં પ્રકાશ છે.

જ્યારે જ્યારે મૂંઝવણ ઊભી થાય, જવાબ ન જડે, વસ્તુ કોયડો થઈને ઊભી હોય ત્યારે આંખ બંધ કરીને પરમ શાંતિની પળોમાં આ પ્રકાશ આગળ ઊભા રહી અંદર પૂછો તો ઉત્તર મળે જ. અંદરનો અવાજ એક વાર દબાવી દીધો તો બીજી વાર એ કહેશે કે તેં મારું અપમાન કર્યું છે, પછી એ જવાબ નહિ આપે.

આ ઉત્તર તમારે અંદરથી લેવાનો છે, આ શકિત તમારે ખીલવવાની છે. એને ખીલવવા માટે પ્રબુદ્ધ થવાનું છે.

ચૈતન્યનું ભાન થાય પછી તમારા પ્રશ્નો ઊકલી જાય છે. પછી એમ ન થાય કે આનો પ્રશ્ન જુદો અને મારો પ્રશ્ન જુદો. બધાં ચૈતન્યોનો એક જ પ્રશ્ન છે. બધાં ચૈતન્ય પરમ શાંતિના માર્ગે પ્રયાણ કરે છે. બાકી આજના તમારા પ્રશ્નો એ તો ઉપપ્રશ્નો છે, અવાંતર પ્રશ્નો છે. મુખ્ય પ્રશ્ન એ પ્રશ્નથી જુદો નથી.

જેમ તાંબાના તેજ વગરના તારને મહાન વિદ્યુત શકિત અડે છે અને ઝલઝલાં કરી દે છે એમ આ દેહરૂપી તાંબાના તારમાં આ ચૈતન્યરૂપી શકિતનો સંચાર થાય છે અને સારો ય bulb ઝગઝગી ઊઠે છે. પોતે તો પ્રકાશી ઊઠે છે પણ બીજાને પણ પ્રકાશ આપી દે છે.

એવો પ્રકાશ સહુમાં પડ્યો છે. એ પ્રકાશ તમને પ્રાપ્ત થાય, એ પ્રકાશ અને પ્રેમમાં તમારા પ્રાણો સભર બને અને એમાં તમે પરમાત્માનો, પ્રકાશનો અને પ્રેમનો અનુભવ કરો એવી શુભેચ્છા.

• •

# * વિશ્વ શાકાહાર પરિષદ *

૧૯મી વિશ્વ શાકાહાર પરિષદનું સંમેલન ભારતમાં આ સાલ ભરાયું. જેમાં દેશેદેશના ૯૬ પ્રતિનિધિઓ હાજર હતા. મુંબઈમાં તા. ૨–૧૨–૬૭ સાંજે પાંચ વાગે સી. સી. આઈના મેદાનમાં એનું ઉદ્ઘાટન કરતાં સ્વામીશ્રી ચિન્મયાનન્દજીએ જણાવ્યું હતું કે દુનિયામાં આધ્યાત્મિક ક્ષેત્રે ભારતની આગેવાની ઘણા લોકોના શાકાહારીપણા અને આધ્યાત્મિક જ્ઞાનને આભારી છે.

તે પછી રવિવારે તા. ૩–૧૨–૬૭ સવારે શાકાહારી કોંગ્રેસની હિંદી વેપારી મંડળમાં વૈજ્ઞાનિક બેઠક મળી હતી અને બપોરે મરીનલાઈન્સ પર આવેલા શ્રીનિકેતન ગાર્ડનમાં શાકાહારી વાનીઓનું પ્રદર્શન ઇન્ટરનેશનલ વેજીટેરિયન યુનિયનના પ્રમુખ વુડલેન્ડ કેલરે ખુલ્લું મૂક્યું હતું.

રવિવારે સાંજે ચોપાટીના સાગરતટે પૂજ્ય ગુરુદેવ ચિત્રભાનુ મહારાજની નિશ્રામાં મળેલી આધ્યાત્મિક જુથોની વિશાળ સભામાં પ્રાણીમિત્ર શ્રી જયંતીલાલ માનકરે સભાનો ખ્યાલ આપ્યો; પછી દેશ પરદેશથી આવેલા પ્રતિનિધિઓને સંબોધતાં પૂ. ગુરુદેવે સભાનો પ્રારંભ કરતાં જણાવ્યું કે :

Two thousand and five hundred years ago Lord Mahavir and Lord Buddha had taught the Indian People the language of Love, the way of Non - Violence and Pure Living. Unfortunately in the course of time they are being forgotten. And we are gradually approaching towards the massacre of mankind and animal world. Fortunately these delegates who have come from the west are going to remind us the ancient way of Indian Living and Non - Violence.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે આપણી પ્રજાને આંતરિક દર્શન કરાવતી એવી પ્રેમની વાણી, અહિંસા અને સાત્વિક આહાર શુદ્ધિની સમજણ આપી હતી. પરંતુ સમય જતાં એ ભુલાતી જાય છે. ધીમેધીમે માણસો વિનાશ તરફ, મનુષ્ય અને પ્રાણીમાત્રના સંહાર તરફ જઈ રહ્યા છે. સદ્ભાગ્યે પરદેશથી આવેલા આ પ્રતિનિધિઓ આપણી પ્રાચીન એવી જીવન જીવવાની પદ્ધતિ અને અહિંસાની પવિત્ર ભાવનાની યાદ આપવાના છે.

પૂ. ગુરુદેવે Dr. Eiensteinનાં વચનોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે :

**We appeal as human beings to human beings, remember your humanity and forget the rest. If you can do so the way lies open to a new paradise, if you can not do so there lies before you the risk of Universal Death.**

આપણે માનવ તરીકે માનવોને અરજ કરીએ છીએ કે બીજું બધું ભૂલી જાઓ પણ તમારી માનવતાને ન ભૂલશો. જો તમે એ પ્રમાણે કરી શકશો તો સ્વર્ગનાં દ્વાર તમારી સામે ખુલ્લાં છે અને જો તમે નહિ કરી શકો તો વિશ્વનો નાશ માનવજાતની સામે ડોકિયાં કરી રહ્યો છે.

શ્રી માણેકલાલ સી. શાહે હારવિધિ કર્યા બાદ સભાને સંબોધતા અતિથિ વિશેષ તરીકે મહારાષ્ટ્રની ધારાસભાના અધ્યક્ષ શ્રી ટી. એસ. ભારદેએ જણાવ્યું હતું કે જીવનનો ઉદ્દેશ શું છે? મોજ શોખ, આનંદ અને ઇંદ્રિયોની તૃપ્તિ માટે છે કે આધ્યાત્મિક પ્રકાશ, માનસિક શાંતિ અને લાંબુ તંદુરસ્તીભર્યું જીવન જીવવા માટે છે? દુનિયાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવા છતાં એ જ દૃષ્ટિએ સહુ પોતાનો અભ્યાસ કરતા નથી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ શાકાહાર ઉત્તમ હોવા છતાં આજના વૈજ્ઞાનિકો પોતે આવો આહાર અપનાવતા નથી. માત્ર શરીરના પોષણ સારું જ નહિ પરંતુ માનસિક શાંતિ માટે પણ શાકાહારી ખોરાક ઉત્તમ હોવાના પૂરાવા પ્રાચીન શાસ્ત્રોમાં મળી રહે છે.

શ્રીમતી રૂક્ષ્મણીદેવી અરુણ્ડેલે જણાવ્યું હતું કે શાકાહારને માનવતાની દૃષ્ટિએ જોતાં દયા અને કરુણા કરતાં બીજો કોઈ ધર્મ ઊંચો હોઇ શકે ખરો? ધર્મનો અર્થ બીજાઓને સુખ આપવામાં છે. સત્ય કરતાં બીજો કોઈ ધર્મ ઊંચો નથી. સત્ય શું છે? જીવન. અને જીવન શું છે? સંવાદ. શાકાહાર એ જીવનને સંવાદમય બનાવવાની એક કળા છે, પદ્ધતિ છે. શ્રી ચીમનલાલ સી. શાહે પણ પૂર્વ અને પશ્ચિમના સમન્વયનો ખ્યાલ આપ્યો હતો.

ત્યારબાદ અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ અને ઇઝરાયેલના પ્રતિનિધિઓએ પોતે શાકાહારી કેમ થયા તે વિષે પોતાની આત્મકથા કહેલી.

પૂ. ગુરુદેવે પોતાના ગહન વિચારોને સભા સમક્ષ મૂક્યા હતા તેની નોંધ જુદી કરવામાં આવી છે.

આ ઉપરાંત શ્રી વુડલેન્ડ કેહલરે પોતાના ભાષણમાં પૂ. ગુરુદેવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ધર્મ એ માણસ અને પ્રભુ વચ્ચેનો એક સંવાદ છે. હું જ્યારે મુનિશ્રી ચિત્રભાનુજીના સાન્નિધ્યમાં રહું છું ત્યારે જાણે સાક્ષાત પ્રભુને સાંભળી રહ્યો હોઉં એવો આભાસ થાય છે. કહેવાય છે કે નાના બાળકોને જોવાનાં હોય, સાંભળવાનાં નહિ. એવી રીતે જ્યારે આધ્યાત્મિક જ્ઞાનનો પ્રશ્ન ઉદ્ભવે છે ત્યારે હું નાના બાળકની જેમ એમને સાંભળું જ છું.

મુનિશ્રી ચિત્રભાનુજીનું પુસ્તક 'Bondage and Freedom' વિશ્વના બધા પ્રશ્નોનું નિરાકરણ લાવે છે. માનવી પાસે બે શકયતાઓ છે. જ્યારે

આપણે આપણી અંધ એવી ભૌતિક વસ્તુઓની ઈચ્છાને આપણા સામ્રાજ્ય કરવા દઇએ છીએ ત્યારે બંધનમાં ફસાઈ જઇએ છીએ પરંતુ જ્યારે આત્મજ્ઞાનનો આપણામાં સંચાર થાય છે ત્યારે મુકિતનો મુકિત અનુભવ પ્રાપ્ત થાય છે.

આજ સુધીમાં મુંબઇ આવ્યા પછી બે વખત મારે મારા વિચારો મુંબઈની પ્રજા સમક્ષ મૂકવાનો પ્રસંગ સાંપડ્યો. આજે બપોરે શાકાહારી વાનીઓનું પ્રદર્શન ખુલ્લું મૂકતા ભૌતિક દૃષ્ટિએ મેં મારા વિચારો સહુ સમક્ષ રજુ કર્યા.

પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં મુનિશ્રી ચિત્રભાનુજીનું નવું પુસ્તક "Lotus Bloom" અંગે મારા વિચારો દર્શાવતાં મને ઘણો આનંદ થયો. એ પુસ્તકમાં આધ્યાત્મિક શિખરે પહોંચવા માટે મુનિશ્રીએ સ્વાધ્યાય, સ્વનો અભ્યાસ, આત્મ શુદ્ધિનો માર્ગ બતલાવ્યો છે. સર્જનાત્મક વિચારો દ્વારા આપણે સહુ ધીમે ધીમે ઊર્ધ્વગામીત્વ તરફ જઈ શકીએ. મુનિશ્રી ચિત્રભાનુજીનું "Lotus Bloom" જીવનરૂપી બીજમાં છુપાયેલા કોઇ અગમ્ય અને અભેદ્ય રહસ્યમાંથી સર્જાયું છે.

જીવન એક mystery છે, મનુષ્ય એક રહસ્યકથા છે. આપણે આપણું સમસ્ત જીવન એને ઉકેલવામાં વ્યતીત કરીએ તો એ પ્રયત્ન અને સમય નિષ્ફળ નહિ ગણાય.

તે પછી શ્રી જયા દીનશાએ જોરદાર વાણીમાં અહિંસાનું સમર્થન કર્યું હતું અને શુદ્ધ આહારથી થતા લાભોનું વર્ણન કર્યું હતું.

વકતાઓનો પરિચય શ્રી મગનલાલ દોશી આપતા હતા.

અંતે શ્રી શાદીલાલજી જૈને આભાર માન્યા પછી આનંદના વાતાવરણમાં સભાનું વિસર્જન થયું હતું.

# * પ્રચાર નહિ વિચાર *

૧૯મી વિશ્વ શાકાહારી પરિષદમાં પૂ. ગુરુદેવ ચિત્રભાનુ મહારાજશ્રીએ આપેલ વ્યાખ્યાનની ટૂંકી નોંધ.

આજની આ પરિષદનો ઉદ્દેશ પ્રચાર નહિ, વિચાર છે, પ્રચારમાં ઝનૂન, fanaticism છે, વિચારમાં દર્શન છે.

વિચારનો આવિષ્કાર થાય તો પોતે જ પોતાને પૂછે કે હું શાકાહારી કેમ? જીવનનો ઉદ્દેશ તો અણુહારી છે. પણ તેવા ન થવાય ત્યાં સુધી અલ્પમાં અલ્પ હિંસા થાય અને સાત્વિક જીવન જીવાય તે માટે આહાર લેવો પડે છે. એટલે આ અન્નાહારી કે શાકાહારી જીવન પાછળ કરુણા છે, દયાનું ઝરણું છે.

એટમની શોધ પદાર્થ વિજ્ઞાનમાંથી થઈ છે તેમ અહિંસાની શોધ આત્મજ્ઞાનમાંથી થઈ છે. ભૌતિક પ્રયોગશાળામાં અણુશકિતનું દર્શન થયું તો અધ્યાત્મિક પ્રયોગશાળામાં અહિંસાની અનંત શક્તિનું દર્શન થયું અને ભગવાન મહાવીરે જાહેર કર્યું.

'आत्मवत् सर्व भूतेषु सुख दुःखे प्रियाप्रिये' સ્વની જેમ બધા પ્રાણીઓમાં આત્માનું દર્શન કર. જેની પાસે આવી આંખ છે, આ દૃષ્ટિ છે તે જ સાચો માનવ છે. દુનિયાને લોહીની ધારાથી રંગતી બંધ કરવા માનવને સાચો માનવ બનાવવાનો છે, એને પ્રાણી પ્રેમ, પ્રાણીબંધુતા તરફ લઈ જવાનો છે.

એક ખ્રિસ્તી ભાઈએ મને કહ્યું "ભગવાને વિશ્વનાં પ્રાણીઓને માનવ માટે બનાવ્યાં છે. માનવ સહુથી મોટો છે. તો માનવ કોઈને પણ ખાઈ શકે." મેં કહ્યું "સંસારના બધા પ્રાણીઓમાં મનુષ્ય મોટો છે એ તો તમે માનો છો ને? તો મોટાભાઈનું કર્તવ્ય શું? નાના ભાઈઓને ખાઈ જવાનું કે બચાવવાનું? મોટો ભાઈ નાના ભાઈઓનો ભક્ષક નહિ, રક્ષક બને ખાય નહિ, એમને ખવડાવે."

Vegetarianism એ પ્રચાર નથી પણ વિચાર છે.

ચિંતન કરીશું તો ખબર પડશે કે આહારનો ઉદ્દેશ દેહને ટકાવવાનો છે અને આ દેહ દ્વારા સુંદર વિચાર, સુંદર ભાવના, સુંદર કાર્યો કરવાનાં છે.

આપણી જેમ પ્રાણીઓ સુખની આશા કરે છે અને દુ:ખથી ભાગે છે તો એવા નિર્દોષ પ્રાણીઓને કાપીને પેટમાં ભરનારના મનમાં સુંદર વિચારો કેમ આવે ?

"બર્નાર્ડ શૉના માનમાં એક મોટી પાર્ટી ગોઠવવામાં આવેલી. પાર્ટીમાં ખોરાક માંસાહારનો હતો. બર્નાડ શૉએ ખાવાની શરૂઆત ન કરતાં બધાએ પૂછયું કે તમે કેમ શરૂ કરતા નથી ? બર્નાર્ડ શૉએ કહ્યું, "My stomach is not a grave-yard to bury them." મારું પેટ મડદાંને દાટવા માટે કબરસ્તાન નથી.

જો તમે પેટને કબરસ્તાન બનાવશો તો પ્રાર્થના કેમ કરશો ? પરમાત્મા સાથે એક કેમ બનશો ?

શાકાહાર માત્ર પેટ ભરવા માટે નહિ પણ આત્માના ઉત્કર્ષ માટે છે.

બોમ્બ સંહારક છે અને અહિંસા રક્ષક છે.

જોઇએ છીએ કે મોટા દેશો શસ્ત્રોનો સંગ્રહ કરે છે, ઢગલો કરે છે. પૂછો "શસ્ત્રોનું સર્જન અને સંગ્રહ શા માટે ?" કહે છે "શાંતિ માટે, અહિંસા માટે, યુદ્ધના વિરામ માટે."

સમજો એક ભાઈનાં કપડાં શાહીથી બગડ્યાં છે હવે એને ધોવા માટે કોઈ શાહી ભરીને લોટો લાવે તો આપણે કદાચ હસીએ ને ? કારણકે શાહીથી ખરડાયેલાં કપડાં શાહીથી ઊજળાં ન થાય પરંતુ પાણીથી જ ઊજળાં થાય.

તેવી રીતે આજે જે વિશ્વ શસ્ત્રોથી વ્યથિત છે એ વિશ્વને બચાવવાનો માર્ગ અહિંસાથી નહિ, પણ શસ્ત્રોના સંગ્રહથી સહુ કરવા માગે છે.

આચારમાં તો ઠીક પણ બુદ્ધિમાં પણ વિપરીતતા આવી છે. એનું મૂળ કારણ પેટ છે. પેટમાં પડ્યું છે તે અહિંસક, નિર્દોષ, અને પવિત્ર નથી.

આપણા મહાપુરુષોએ કહ્યું છે 'અહિંસા પરમો ધર્મ' શું અહિંસાનો માર્ગ આપણે ભૂલી તો નથી ગયા ને ?

આજે પરદેશથી આવેલા આ પ્રતિનિધિઓ બતાવે છે કે એમના દેશમાં ધન છે, સમૃદ્ધિ છે, પણ બોમ્બનો ડર છે, હિંસાનો ડર છે, મનમાં અશાંતિ છે, તેને દૂર કરવા અહિંસા સિવાય બીજો કોઇ રસ્તો નથી.

આ ભાવનાથી આ પ્રતિનિધિઓએ vegetarian Diet નો સ્વીકાર કર્યો. Vegetarian Diet એ માત્ર પેટ ભરવા માટે નહિ પણ લોહીની નદીઓ બંધ કરવા માટે છે.

તમે એક સુંદર ફળને જુઓ અને આંખમાં પ્રેમ આવે, સુંઘો તો સુરભિ આવે, સ્પર્શ કરો તો સરસ સુવાળું લાગે અને જીભને રસાળું લાગે. પણ માંસના ટૂકડાને તો જુઓ તો પણ ઘૃણા ઉત્પન્ન થાય. ત્યાં એ પેટમાં તો જાય જ કેમ ? માંસાહારીઓમાં તો રસદર્શન પણ નથી. એ ગંદી વસ્તુ પેટમાં પડી હોય તો કેવા કેવા વિચારો આવે ?

જયાં સુધી માંસાહાર રહેશે ત્યાં સુધી યુદ્ધનો વિરામ નહિ થાય. યુદ્ધનું મૂળ પ્રાણીહિંસા છે. જે પ્રાણી પ્રત્યે ક્રૂર છે એ માનવ પ્રત્યે ક્રૂર કેમ નહિ થાય ?

આજે માનવ માનવનો શત્રુ છે. આપણો શત્રુ જંગલી પ્રાણી નહિ પણ માનવ છે, સ્વજાતીય શત્રુ છે. આજે કાતિલતા વધી ગઇ છે કારણ કે હિંસાની ભાવના પ્રબળ થઈ ગઈ છે. ક્રૂરતાને ઉત્તેજન આપે એવી વસ્તુ પેટમાં પડી છે.

Vegetarianism is not a fanatic idea but it is to avoid the world from war.

એક મનુષ્ય ચીડિયાખાનું જોવા ગયો. ત્યાં જોયું કે જંગલી પશુઓ ઘૂરકિયાં કરતાં હતાં અને હિંસક દૃષ્ટિ ફેરવતાં હતાં, એને વિચાર આવ્યો: હજારો વર્ષો થયાં પણ આ પશુઓ એવાં ને એવાં જ ક્રૂર રહ્યાં. એમનો કોઈ વિકાસ જ નહિ ! એ મનુષ્ય રાણીના બાગની બહાર નીકળ્યો અને ખિસ્સામાં હાથ નાખ્યો જોયું તો ખિસ્સુ કપાઈ ગયેલું.

હવે એને સમજાયું. હજારો વર્ષોથી પશુઓ તો નથી સુધર્યાં પણ માનવ પણ નથી સુધર્યો. માનવીની પ્રગતિ શેમાં છે ? મારવામાં કે તારવામાં ?

એક વખત ત્રણ મિત્રો મળ્યા. એક સુથાર, બીજો ચિત્રકાર અને ત્રીજો વૈજ્ઞાનિક. સુથારે લાકડાનો એક સિંહ બનાવ્યો, ચિત્રકારે એમાં રંગ પૂર્યો.

ત્યારે વૈજ્ઞાનિકે કહ્યું કે હું એમાં શકિત મૂકું, લાકડાના સિંહને જીવંત બનાવું.

બાજુમાં એક ચિંતક ઊભો હતો. એણે કહ્યું કે પહેલાં મને ઝાડ ઉપર ચઢવા દો પછી તમે સિંહને જીવંત કરો. આ સિંહ જીવંત થશે અને તમને બધાને ખાઈ જશે, તમારી આ કળા અને શોધને જોવા માટે કો'ક તો જોઈશે ને ? તમારું સર્જન તમને અને બધાને ખાઈ જશે.

આજે આપણું વિજ્ઞાન, સંશોધન, atom bomb આપણને ખાવા માટે તૈયાર છે. આપણામાં અહિંસાની ભાવના રહેશે તો જ યુદ્ધનો અંત આવશે.

બાર મહિને કે બે વર્ષે આપણે એકવાર મળીએ; આવી પરિષદમાં આવી પરિષદમાં ભેગાં થઇએ અને વીખરાઈ જઈએ તે નહિ ચાલે. આપણે એક પ્રતિજ્ઞા લેવાની છે. પ્રત્યેક અન્નઆહારી રોજ એક એક મિત્રને સમજાવી દૃષ્ટાંત આપી આ વિચારધારા તરફ આકર્ષિત કરે. આપણે જે પ્રતિજ્ઞા લઇશું, એનું પાલન કરીશું તો આ ભાવનાની અભિવૃદ્ધિ થવાની. ચિંતનમાં ઊર્ધ્વગામીત્વ આવવાનું અને અહિંસાના વિચારનો પ્રચાર થવાનો. એ માટે અહીં આવેલા શ્રોતાજનો મનથી આ પ્રકારની પ્રતિજ્ઞા લે.

આજે ઘણી કોલેજોમાં Home science અગર Applied Nutrition શિખવાડવામાં આવે છે. એમાં વિદ્યાર્થીનીઓ પાસે રંધાવે છે, અને આવું શિખવાડવાની શરૂઆત થઈ છે. તો Government આધારિત સંસ્થામાં આવું ન થવું જોઇએ. અમારી વિનતી લોકો અને સરકાર ધ્યાનમાં લે તો જ માંસાહાર બંધ થશે અને શાંત માનસ થતાં યુદ્ધનો અંત આવશે.

માટે પહેલો એ કે વનસ્પતિ આહાર એ પ્રચાર નહિ પણ વિચાર છે.

બીજો વિચાર, શાકાહાર માત્ર પેટ ભરવા માટે નહિ પણ આત્માના વિકાસ માટે છે.

ત્રીજો વિચાર જેમ ભૌતિક, વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં Atom bombનું સર્જન થયું તેમ આધ્યાત્મિક પ્રયોગશાળામાંથી પ્રાપ્ત થયેલી અહિંસા વિના યુદ્ધનો વિરામ નહિ થાય એવી શ્રદ્ધા થવી જોઈએ.

ચોથો વિચાર આ અહિંસા આપણા હાથથી નષ્ટ ન થાય તે માટે બધાં મનથી પ્રતિજ્ઞા લે કે જ્યાં જ્યાં જઈશું ત્યાં ત્યાં આ વિચારોનો પ્રચાર કરીશું. વિચારનો પ્રચાર મનુષ્યના મનને હચમચાવી દેશે.

સંસારના બધા નિયમો, વ્રતો અહિંસાના પાલન માટે છે. માટે અહિંસાને જીવનકેન્દ્ર બનાવો, એમાં જ આ સભાની સફળતા છે.

અંતે પરદેશથી આવેલા પ્રતિનિધિઓનો આભાર માનતા પૂ. ગુરુદેવે જણાવ્યું કે:

The idea behind Vegetarian Diet is not merely for living but for sublimation. Vegetarianism is meant for salvation for higher life & for sublimation.

## અમે સૌ સમાન

એક ઈન્સ્પેકટર ગામડાની સ્કૂલમાં ઈન્સ્પેકશન માટે ગયા. વર્ગમાં જઈ એક છોકરાને ઊભો કરી તેમણે પૂછ્યું: 'બોલ, જનક રાજાનું ધનુષ્ય કોણે તોડયું હતું?

'સાહેબ, મેં નથી તોડયું,' છોકરાએ ગભરાઈને જવાબ આપ્યો.

ઈન્સ્પેકટરે માસ્તર સામે જોઈ પૂછ્યું: "આ શું કહે છે?"

'સાહેબ એણે નહીં જ તોડયું હોય, એ તો અમારા કલાસનો સૌથી શાંત અને ગરીબ વિદ્યાર્થી છે." માસ્તરે તેનો બચાવ કર્યો.

ઈન્સ્પેકટર હેડમાસ્તર પાસે ગયા અને તેમને બધી વાત કરી ત્યારે હેડમાસ્તરે તેમના કાનમાં ધીમેકથી કહ્યું, 'સાહેબ, ધનુષ્ય હવે તૂટયું ના તૂટયું થવાનું નથી. એમ હોય તો તેના રિપેરીંગનો બધો ખર્ચ અમે આપી દઇશું પણ તમે એ વિષે રીપોર્ટ નહીં કરતા!"

# The Unruffled Mind

Drop a tiny pebble in the still waters of a pool and soon it is filled with ripples. It is in the very nature of water to break into ripples. But when the pool is frozen, even if you drop a stone in it there is hardly any disturbance in its smooth hard surface.

The mind reacts to circumstances by breaking into ripples of disturbance. One would say it is but natural. Perhaps:- but is it inevitable ? Train the mind to resist stoically all outward disturbances and it will acquire a calm that nothing can ruffle.

From " Fountain of Inspiration "
by
CHITRABHANU


Jaykaylon The Wonder Fibre

**J. K. Synthetics LTD.**

Kamla Tower, Kanpur

Manufacturers of Synthetic Nylon Yarns of 15D, 20D Semidull 20D Glittering Monofilament & 40D, 60D, 90D, & 210D Multifilament & also POLYSTER YARN of all deniers.

-: available from READY STOCK : contact :-

BOMBAY
11A, Embassy Apartments
46, Nepean Sea Road,
BOMBAY—6
Phone : 366346/7

SURAT
Phiroze Minar, Lalgate,
Surat ( Guj. )
Phone : 3186

# ★ વેણુ અને વીણા ★

**ખલીલ જિબ્રાન**

માનવતા એ તો એક પ્રકાશની સરિતા છે જે આદિ શાશ્વતીમાંથી શાશ્વતતા ભણી વહી રહી છે.

❋

મારી એકલતાનો જન્મ તો ત્યારે થયો જયારે માનવોએ મારી વાચાળ ક્ષતિઓની પ્રશંસા અને મૂક ગુણોની નિંદા કરવા માંડી.

❋

આપણામાંનું દૈવત તો નિઃશબ્દ હોય છે. જે સંપાદન કરેલું છે એ જ વાચાળ છે.

❋

દેડકાં ભલે બળદ કરતાં બુલંદ અવાજ કરે, પણ તે નથી તો ખેતરમાં હળ ખેંચી શકતાં, નથી દ્રાક્ષના કોલુનું ચક્કર ફેરવી શકતાં કે નથી તેમની ચામડીનાં જોડા થઈ શકતાં.

❋

'વસંત તો મારા હૈયામાં બેઠી છે,' એમ પાનખર કહેશે તો કોણ માનશે ?

❋

ઘણાયે સિદ્ધાન્તો બારીના કાચ જેવા છે. તેની દ્વારા આપણે સત્યનું દર્શન તો કરીએ છીએ; પણ સત્ય અને આપણી વચ્ચે એ જ અંતરાય રૂપ બને છે.

❋

ના, આપણું જીવ્યું એળે નથી ગયું; આપણાં અસ્થિના તેમણે મિનારા નથી ચણ્યા ?

❋

કોળિયાથી ભરેલા મોંથી તમે શી રીતે ગાઇ શકો ? સોનાથી ભરેલા હાથથી તમે શી રીતે આશિષ આપી શકો ?

❋

શ્રેષ્ઠ ગગનવિહારી આત્માને પણ ભૌતિક જરૂરિયાતો છોડતી નથી.

❋

શરીર અને આત્મા વચ્ચે કશો સંઘર્ષ નથી; માત્ર જેમનો અંતરાત્મા ઊંઘે છે અને જેમનાં શરીર બસૂરાં બન્યાં છે તેમને જ એવું લાગે છે.

❋

સ્ત્રીઓની ક્ષુલ્લક ક્ષતિઓ બદલ જે ક્ષમા કરી શકતો નથી તે પુરુષ તેના મહાન ગુણોને કદી માણી શકશે નહિ.

❋

સ્નેહ અને શંકાને સદૈવ અબોલા હોય છે.

❋

તમે જીવનના મર્મને પામશો ત્યારે તમને સર્વત્ર સૌન્દર્યનાં દર્શન થશે, સૌન્દર્યવિમુખ આંખોમાં પણ.

❋

જેની જરૂર તમારા કરતાં મને વધુ છે એ આપવામાં ઉદારતા નથી. પણ જેની જરૂર મારા કરતાં તમને વધુ છે એ આપવામાં છે.

❋

જયારે તમે દાન આપો અને તે સ્વીકારવાનો સંકોચ તમારી નજરે ન પડે તે માટે તેના ભણીથી તમારું મુખ ફેરવી લો ત્યારે જ તમે ખરેખરા દાની.

❋

એક દીની ભૂખ અને એક કલાકની તરસ સૌથી શ્રીમંત અને સૌથી કંગાળ વચ્ચેની ભેદરેખા ભૂંસી નાખે છે.

❋

ઘણીયેવાર ભાવિ પાસેથી આપણે ઉછીઉધાર લઇને આપણા ભૂતકાળનું ઋણ ફેડીએ છીએ.

❋

પોતાના મેલા હાથ જે તમારે કપડે લૂછે એને તમારું એ વસ્ત્ર લઈ જવા દેજો. કદાચ એની એને ફરી જરૂર પડે. તમને તો નક્કી એ કામનાં નથી.

❋

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.